**શ્રીમદ્ રાજચંદ્ર સમાધિ દિન**
**પ્રવચન નં. ૩૨૦ (સ્થળ : રાજકોટ)**

.. દિવસ છે. આત્માની પર્યાયમાં અસમાધિ એટલે અશાંતિથી એટલે કે અધર્મભાવથી જે રખડે છે, એને ધર્મ કેમ થાય અને શાંતિ કેમ થાય, આ એનું નામ સમાધિ છે. સમાધિ કોઈ શરીરની ક્રિયા કે વાણી, મન કે અંદરમાં હઠયોગથી કોઈ શ્વાસને રુંધન કરવું કે રેચક-કુંભક કરવું એ કંઈ સમાધિ નથી. તો જે કોઈ માણસ આત્માનું હિત કરવા માગે છે તો એ હિત આત્માની વર્તમાન એની પર્યાયમાં અહિત હોય તો તે અહિત પલટાવીને હિત કરવા માગે છે. કહો, સમજાય છે?

આત્મા જે વસ્તુ છે, આત્મા પદાર્થ છે, એમ કહે છે કે મારે કાંઈક હિત કરવું છે, ઠીક કરવું છે, શ્રેય કરવું છે, કલ્યાણ કરવું છે, સારું કરવું છે, ધર્મ કરવો છે અને સુખી થાવું છે. બધો એક અર્થ છે. તો એનો એ અર્થ થાય છે કે એ આત્મા વર્તમાન એની પર્યાય નામ અવસ્થામાં અહિત, અશ્રેય, અધર્મ, અશાંતિ, દુઃખી, અસુખી છે. એમ એના આત્માની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં એ ક્યાં અધર્મ થાય છે એ એણે નક્કી કરવું જોઈએ. અધર્મ એ આત્માની વર્તમાન કોઈ પર્યાય-અવસ્થા-હાલતમાં-થાય છે. એ અધર્મ, અહિત, અશ્રેય, અકલ્યાણ.. ..ભાઈ! હિત કરવા માગુ છું, શ્રેય-કલ્યાણ કરવા માગું છું તો ત્યાં શું અહિત, અશ્રેય (થાય છે તે તેણે સમજવું જોઈએ).

ત્રિકાળ ચૈતન્ય અનાદિઅનંત જ્ઞાન-દર્શનનો પિંડ ધ્રુવ ચીજ છે એની વર્તમાન હાલતમાં અધર્મ એટલે પોતાનો જે શુદ્ધ સ્વભાવ પવિત્ર છે એને.... પલટવા યોગ્ય માને અને એટલું પહેલું નક્કી કરવું જોઈએ કે આ આત્માનું જે અહિત અને અશ્રેય, અધર્મ હું ટાળવા માગું છું એ શું કાયમની ચીજ છે? જો કાયમની ચીજ હોય તો એને ટાળવા માગીને પલટાવી શકાય નહિ. તો એણે નક્કી કરવું જોઈએ કે આત્મ વસ્તુમાં વર્તમાનમાં જે એની પર્યાય-અવસ્થામાં અહિત થાય છે. કારણ કે એ પલટી શકાય એવી ચીજ છે.

શ્રીમદ્‌ના છેલ્લા શબ્દો છે કે

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા...
અંતર્મુખ અવલોકતાં વિલય થતા નહિ વાર.

જુઓ! આ એક શબ્દમાં કેટલું અંદર પડ્યું છે! 'ઊપજે મોહ વિકલ્પથી...' આત્માની વર્તમાન અવસ્થામાં મોહ નામ નિરર્થક મિથ્યાબુદ્ધિથી 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર...' સંસાર એટલે વિકારભાવ, અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, શુભાશુભભાવ એ બધો વિકલ્પ અને વિકાર એ મિથ્યા (છે). 'ઊપજે મોહ વિકલ્પથી...'

મિથ્યાભાવથી એ ઉત્પન્ન થાય છે. કેમ કે એ આત્મતત્ત્વમાં એ વસ્તુ સ્વરૂપમાં જો અંતરમાં હોય તો એ અધર્મ અને અશ્રેય ટાળવાનો જે પ્રયત્ન કરવા માગે છે એ અધર્મ જો અંતર સ્વભાવમાં હોય તો અધર્મ ટળે નહિ. અને અંતર સ્વભાવમાં જો શાંતિ અને સુખ ન હોય તો અધર્મ ટળીને અધર્મના સ્થાનમાં શાંતિ અને સુખ આવશે ક્યાંથી? કહો, સમજાય છે કાંઈ?

એટલે આત્મામાં-વસ્તુમાં-કાયમ વસ્તુ રહીને એની અવસ્થા નામ પર્યાય નામ પલટતી દશામાં એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, શુભ-અશુભ, લાગણી તે 'ઊપજે મોહ વિકલ્પથી...' મોહથી-આ ભ્રાંતિથી, આત્માના અપરાધથી વિકલ્પ રાગ-દ્વેષ શરીરમાં સુખ છે, વિષયોમાં સુખ છે, પરને લઈને મને ઠીક છે એવો મિથ્યા ભ્રાંતિનો ભાવ એની પર્યાય નામ અવસ્થામાં ઉત્પન્ન થાય છે. અને એ પલટી શકાય છે એમ એણે પહેલું કબુલ કરવું જોઈએ. અને પલટતા એના સ્થાનમાં શાંતિ અને જે સુખ લેવા માગે છે, એ અવસ્થા પલટીને શાંતિ અને સુખ પ્રગટ થઈ શકે છે. અને એ શાંતિ ને સુખ એ અવસ્થા જે પલટી ગઈ... 'ઊપજે મોહ વિકલ્પથી...' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાનના વિકલ્પો શુભાશુભ એ વિકૃત ઉપાધિ છે. એ ઉપાધિ કાંઈ ખરું ચૈતન્યનું સ્વરૂપ નથી. ઉપાધિ કહેતા વિકૃત છે, વિરુદ્ધ છે, વિપરીત છે અને એ આત્માનું ખરું સ્વરૂપ નહિ પણ એનું એ વિકાર તે કદરૂપ છે. એવા વિકારને ટાળવા જે માગે એણે પહેલું એ નક્કી કરવું પડશે કે તે વિકાર મારી પર્યાયમાં ક્ષણિક છે, તે વિકાર પલટી શકે છે અને તે વિકાર રહિત થઈને હું નિર્વિકાર શાંતિ મેળવી શકું છું અને નિર્વિકાર શાંતિ મેળવવાનું સાધન એ તો આત્માના અંતરમાં એ જ્ઞાન (અને શાંતિ) ભરી છે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર...' સંસાર શબ્દે અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, વિકારભાવ એ બધો સંસાર. એ મિથ્યાભ્રાંતિથી ઉત્પન્ન થયેલી અવસ્થા છે.

એ 'અંતર્મુખ અવલોકતા...' જુઓ! હવે આ દશા પલટી. જે કાંઈ વર્તમાન વિકાર અને અધર્મ, અહિતને ટાળવા માગે છે એણે નક્કી કરવું પડશે કે અહિતને ટાળીને શ્રેય કરવું છે. શ્રેયનું સાધન તો આત્મવસ્તુ છે. અંદર દ્રવ્ય ચૈતન્ય ધ્રુવ જ્ઞાન અને આનંદનું સત્ત્વ અને તત્ત્વ છે. 'અંતર્મુખ અવલોકતાં...' બહિર્મુખ અવલોકન કરતાં શરીર, વાણી, મન, પુણ્ય, પાપ એ બહિર્મુખ અવલોકન કરતાં એટલે કે બહારમાં દૃષ્ટિ દેતાં, એની પર્યાય નામ પલટતી દશામાં અધર્મ અને વિકાર ઉત્પન્ન થતો. એને નાશ કરવાનો ઉપાય 'અંતર્મુખ અવલોકતા....'

અંતર્મુખ એટલે શું? જે જ્ઞાનની અવસ્થા વર્તમાનમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપમાં અટકી છે, શ્રદ્ધાની અવસ્થા પુણ્ય-પાપને માને છે, ચારિત્રની અવસ્થા રાગ-દ્વેષરૂપે વિરૂપ પરિણમે છે, આનંદની અવસ્થા વર્તમાન દુઃખરૂપે થાય છે, વીર્યની અવસ્થા ત્યાં વીર્યની રચના, વિકારની રચના કરીને રોકાઈ જાય છે. આખું આત્માનું અસ્તિત્વ જે છે તેટલું એ વિકારના અસ્તિત્વમાં

કબુલાઈ જાય છે. કહો, સમજાય છે?

આખું આત્માનું જે અસ્તિત્વ, આ જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ વિગેરે અનંત શક્તિઓ, એ વર્તમાનમાં જે વિકારમાં અટકે ને રોકાઈ જાય છે. તો એ શક્તિઓ અંદર આત્મામાં પડી છે કે જેનું અત્યારે વિરૂપ અને વિપરીત અવસ્થા અજ્ઞાનભાવે આત્મા કરે છે. એ અજ્ઞાનભાવને કોઈ બીજો કરાવતો નથી કે બીજી ચીજને લઈને થાય છે એમ છે નહિ.

જુઓ! એ શબ્દ આમ પડ્યો છે કે 'ઊપજે મોહ વિકલ્પથી...' ભાઈ! 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર...' આત્માની પર્યાયની અંદર દશામાં મિથ્યાભ્રાંતિથી શરીર મારું, વિષય મારા, પુણ્ય-પાપ મારા, પરવસ્તુ મારી, એવી ક્ષણિક અવસ્થામાં ત્રિકાળી ચીજની શ્રદ્ધા-જ્ઞાન કર્યા વિના વર્તમાન અવસ્થા પૂરતો આત્માને માનીને, એ મોહ ને ભ્રાંતિ 'ઊપજે મોહવિકલ્પથી...' કર્મથી, સંયોગથી કે બીજી ચીજ એને વિકાર કરાવે છે એમ છે નહિ.

એ 'ઊપજે મોહવિકલ્પથી સમસ્ત આ સંસાર.' આ કહીને આત્માની દશામાં સંસાર વિકાર વિદ્યમાનપણે, અવસ્થાપણે વર્તે છે. કોઈ, સંસાર તુચ્છ ભાવ તરીકે કહેતું હોય કે બિલકુલ આત્માની અવસ્થામાં વિકાર સંભવે જ નહિ તો સંસાર ન જ હોય, આત્માની દશામાં વિકાર ન જ હોય તો એને અભાવ કરવાનો પ્રસંગ પણ રહેતો નથી. કહો, સમજાય છે? એટલે કહ્યું કે 'ઊપજે મોહવિકલ્પથી...' ઊપજે છે. છે નહિ સ્વરૂપમાં. વસ્તુના સ્વરૂપમાં નથી. પણ પર્યાયમાં-અવસ્થામાં-એ અનાદિ અજ્ઞાની ભૂલીને પોતાની અવસ્થા પલટતી શું કામ કરે છે અને પલટનારો આખો સ્વભાવ શું છે એની એને ખબર નથી. તો આટલું એણે પહેલું કબુલ કરવું પડશે કે મારી અવસ્થા પલટી શકે છે. એ અવસ્થામાં અધર્મ અને અશ્રેય મારી ભૂલથી ઉત્પન્ન થાય છે અને એ ભૂલ મારી વર્તમાન દશા પૂરતી છે. એ ભૂલ કાયમની નથી. એ કાયમની જો ભૂલ હોય તો ટળી શકે નહિ.

એ ભૂલને ટાળવાનો ઉપાય 'અંતર્મુખ અવલોકતાં...' જેમ બહિર્મુખ જોવે છે, પુણ્ય અને પાપ, દયા ને દાન ને વ્રત ને પૂજા ને કામ ને ક્રોધ એવી વિકલ્પની લાગણીઓનું, વૃત્તિઓનું ઉત્થાન થાય છે. એ ઉત્થાન પરને લક્ષે થયેલો વિકારી ભાવ છે. મારું સ્વરૂપ એટલું અને એ નહિ. 'અંતર્મુખ અવલોકતાં...' વસ્તુસ્વભાવ જાણનાર-દેખનાર ધ્રુવ જો ન હોય અને શાંતિ સ્વભાવમાં જો ન હોય તો અપ્રાપ્તની પ્રાપ્તિ કોઈ દિ' થાય નહિ.

સ્વભાવમાં શાંતિ, આનંદ અને અંતર આનંદ ને અમૃત ને સ્થિરતા (પરિપૂર્ણ ભરેલાં છે). જેમ પાણીનો સ્વભાવ શીતળ છે તો ઉષ્ણતા ટળીને શીતળતા થાય છે. એ ઉષ્ણતા પાણીનું વર્તમાન કૃત્રિમ રૂપ છે. તેથી અજ્ઞાની પણ પાણીને ઠારવા માગતા બે કબુલાત કરે છે કે ઉષ્ણતા ટળશે, કેમકે ક્ષણિક છે. શીતળતા અંદરમાં કાયમની છે. એ ઉષ્ણતા ટળીને શીતળતા થશે. અને ઉષ્ણતામાં નિમિત્ત એક અગ્નિ છે. શીતળતાને સમજાવનાર પણ એક

બીજી ચીજ છે. અને શીતળતા અંદરમાં પ્રગટવાની તાકાત પણ છે. આટલી કબુલાત કરે ત્યારે ઓલી ઉષ્ણતા ટાળીને શીતળતા પાણીમાં કરવા માગે છે. ચંદુભાઈ!

એમ આત્માની અંદર,... ભગવાન આત્મા 'ઊપજે મોહ વિકલ્પથી...' એણે એની અવસ્થામાં નક્કી કરવું પડશે કે હું જે અશ્રેય, અકલ્યાણ ટાળવા માગું છું એ ક્ષણિક છે. અશ્રેય, પુણ્ય, પાપ, કામ, ક્રોધ એ ક્ષણિક છે. એને ટાળવા માટે ક્ષણિક વસ્તુનો આદર ન જોઈએ. એને ટાળવા માટે ધ્રુવ જેનામાં જ્ઞાન, દર્શન, આનંદની શક્તિ પડી છે એવો સ્વભાવ છે. પ્રાપ્તની પ્રાપ્તિ (છે). અંદરમાં હોય તે પ્રાપ્ત થાય. જો સ્વભાવમાં શાંતિ અને આનંદ ન હોય તો એની પર્યાય નામ અવસ્થામાં અશ્રેય અને અકલ્યાણ પલટીને અશ્રેયમાંથી શ્રેય આવે? મગનભાઈ! જે પુણ્ય-પાપ, કામ-ક્રોધ, શુભાશુભ લાગણીઓ એ અધર્મ છે, અહિત છે એને પલટાવવા માગે છે, તો એ અહિત પોતાની પર્યાયમાં છે. એ અહિત અને અધર્મ ક્યાંય બીજે સ્થાનમાં નથી. અને એ અહિત પોતાની પર્યાય નામ અવસ્થામાં છે અને અહિત ટળવાનો ઉપાય અને હિત થવાનો ઉપાય તે વસ્તુનો સ્વભાવ છે.

વસ્તુનો સ્વભાવ જે જ્ઞાતા-દૃષ્ટા, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, શક્તિથી જે તત્ત્વ પડ્યું છે એને 'અંતર્મુખ અવલોકતાં...' એનું અંતર્મુખ અવલોકન કરે. પણ એની પહેલી પ્રતીત થવી જોઈએ. પ્રતીત થવી જોઈએ. અને પ્રતીત થવા પહેલાં એ વસ્તુને હું જે સમજવા માગુ છું એને સમજેલા આ પહેલા, મારા પહેલા પુરુષો થઈ ગયા છે. હું કાંઈ નવો નથી. જે કાંઈ અહિત અને અશ્રેય ટાળવા માગુ છું તો અહિત અને અશ્રેય પૂર્ણ ટળી અને હિત ને શ્રેય પૂર્ણ થઈ અને કોઈ સર્વજ્ઞ અને પરમાનંદને પ્રાપ્ત થયેલ આ જગતમાં મારા પહેલા જીવો છે. મગનભાઈ! બરાબર છે? તો હું જે હિત અને શ્રેય આત્માની અંતરમાંથી પ્રગટ કરવા માગુ છું તો એને પ્રાપ્ત કરનારા,.. અત્યારે હું સાધક છું તો મારે સાધકને પૂર્ણ થાવું છે અને વિકાર પલટાવી, અવિકાર દશા પ્રગટ કરવી છે. વિકારનો નાશ કરીને. તો ધ્રુવનો આશ્રય લઈને હું પ્રગટ કરું. પણ હજી મારો આશ્રય અંતરનો પૂર્ણ નથી તો આ પહેલાં, મારા પહેલાં કોઈ પૂર્ણ વસ્તુને આશ્રય કરીને પર્યાયમાં અભેદપણે પૂર્ણાનંદ સર્વજ્ઞ, સર્વદર્શી અનંત આનંદ અને અનંત વીર્ય પ્રગટેલું છે, એવા જીવો મારા પહેલાં પણ થઈ ગયા. અને અનંત કાળમાં એક નહિ પણ એક એક એવા બધા થતાં હું જ્યારે પૂર્ણ થવા માગું છું તો મારા પહેલાં પણ એક નહિ પણ એવા અનંતકાળમાં અનંત અનંત સર્વજ્ઞ અને પૂર્ણપદને પ્રાપ્ત થયેલા થઈ ગયેલા છે. કહો, સમજાય છે? અને સર્વજ્ઞ જ્યારે મારા પહેલા અનંત થયા છે તો એ માયલા કોઈ વાણીના યોગવાળા પણ હોવા જોઈએ કે એણે સર્વજ્ઞપણે શું જાણ્યું? સર્વજ્ઞપણે શું જાણ્યું?

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.

પૂર્ણ કહી શક્યા નહિ. આવ્યું તો ખરું. ન આવતું હોય તો તો પૂર્ણ કહી શક્યા નહિ. ‘જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું...’ જુઓ! સર્વજ્ઞનો પોકાર કર્યો પહેલો.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો... એવો એટલે સર્વજ્ઞ થવાનો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.

જો મારા પહેલાં હું જે કરવા માગું છું-અહિત ટાળીને હિત, હિતના કરનારા પૂર્ણાનંદને પામેલા મારા પહેલાં અનંત થઈ ગયા છે. એ સર્વજ્ઞોએ પૂર્ણ જાણ્યું છે. તો એ સર્વજ્ઞો ક્યાંક છે અને એ સર્વજ્ઞોની વર્તમાન હયાતી પણ શરીરના એવા યોગવાળા, વાણીના યોગવાળા પણ ક્યાંક મનુષ્ય ક્ષેત્રમાં હોવા જોઈએ. જો એની હયાતી ન હોય તો એણે સર્વજ્ઞપણે જાણીને વાણીમાં કાંઈ આવવા યોગ્ય અને જે આવ્યું, એ શું કહ્યું એ જાણવા માટે પણ નિમિત્ત રહેતું નથી. અને મારા પહેલાં એ શરીરરહિત... કાંઈ સદાય સ્વરૂપને પામેલા શરીરસહિત જ રહે એવું કાંઈ છે નહિ. એટલે પૂર્ણાનંદ એકલો ચિદાનંદ સ્વરૂપ, વિકાર પુણ્ય-પાપની લાગણીઓ, મોહના મિથ્યાત્વભાવથી જે ઉત્પન્ન થતી, એ ‘અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.’

અનંત કાળથી અજ્ઞાનભાવે ભલે મિથ્યા રાગ-દ્વેષ કર્યા. પણ ટાળવા માટે, નાશ થવા માટે વાર લાગતી નથી. મોહનભાઈ! વાર લાગતી નથી. કેમ કે મારા અજ્ઞાનભાવે મિથ્યા રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો ભાવ મેં અધર્મનો ઊભો કર્યો છે અને મેં પોતે અશાંતિ ઉત્પન્ન કરી છે. ઉત્પન્ન કરી છે. મારા મૂળ સ્વરૂપમાં છે નહિ. એ ઉત્પન્ન કરું તો થાય અને ટાળું તો ટળે. આવી જેને પહેલી આત્મામાં પ્રતીત થાય કે આત્મામાં રાગ-દ્વેષ અને અજ્ઞાન એ ક્ષણિક વિકારી દશા છે એ પલટી શકે છે. એ વિકાર અધર્મ મારી પર્યાય-દશામાં-થાય છે. એ કોઈને લઈને કોઈમાં ક્યાંય થતો નથી. બીજા જીવ મળે કે બીજા પરિગ્રહ લક્ષ્મી ત્યાં હોય એને લઈને અહીંયાં અધર્મ છે, એમ અધર્મ છે નહિ. એ અધર્મ તો મમતા, અજ્ઞાન, પરમાં એકત્વબુદ્ધિ એને લઈને ઉત્પન્ન કરેલો વિકારી અધર્મભાવ છે.

હવે એ ટાળવાને હું જે પ્રયત્ન કરું છું તો સ્વભાવમાં એ ટાળવાની શક્તિ છે. એ ટાળનારા આ પહેલાં અનંતા સર્વજ્ઞો શરીરરહિત પણ કેટલાક થઈ ગયા. સમજાય છે? એને શરીર રહ્યું નહિ અને એકલો આત્મા રહ્યો. એને સિદ્ધપદ કહે છે. શરીરરહિત એ સિદ્ધપદ કહે છે. અને શરીરસહિતના વચનયોગવાળા એને અરિહંતપદ કહે છે. આવું પહેલું એણે નક્કી

કરવું પડશે. મારા પહેલાં અરિહંત અને સર્વજ્ઞ અને સિદ્ધ કોણ થયા? ક્યાં છે? કેટલા કાળના કેમ છે? અને જ્યારે હું પણ આ પ્રાપ્તિ કરવા માગું છું તો તેણે સમજેલા સંતો, વસ્તુના અનુભવ કરનારા ધર્માત્મા, જેણે મિથ્યાબુદ્ધિ ટાળી, ભ્રાંતિ ટાળી અને નિર્ભ્રાંત ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કર્યું છે, એવા સાધકજીવો પણ જગતમાં, હું થાવ છું તો બીજા પણ વર્તમાનમાં પણ બીજે હોવા જોઈએ. અને તે નિર્ભ્રાંત તત્ત્વને સમજીને, સર્વજ્ઞ થઈને એના કહેલાં શાસ્ત્રો યથાર્થ તે આત્માને સમજાવી અને આત્મા સમજે ત્યારે તેને એ વાણી નિમિત્ત થાય એવી વાણી પણ જગતમાં હોવી જોઈએ. એટલે દેવ, ગુરુ અને શાસ્ત્ર, એ સર્વજ્ઞ અને આત્માનું હિત કરવા માટે જે ઈચ્છે છે, એણે પહેલું નક્કી (કરવું પડશે), પહેલે ધડાકે પહેલા તબક્કામાં નક્કી થવું જોઈએ.

અહો..! અધર્મ અને અસમાધિ વર્તમાન મારી દશામાં વર્તે છે. એને હું પલટાવીને ધર્મ અને શાંતિ કરવા માગું છું. તો એ અધર્મના સ્થાનમાં ધર્મ જ્યારે પ્રગટે તો એ ધર્મ જેણે પૂર્ણ પ્રગટ્યો છે એણે ધર્મ શું કહ્યો છે? અને જેણે ધર્મ સાધ્યો છે એવા સંતો, મુનિઓ ધર્મ કઈ રીતે કહે છે? એમ એને પ્રતીત અને શ્રદ્ધા પહેલી આવવી જોઈએ. અને તેના તરફનું વલણ થયા પછી સ્વભાવ સન્મુખ વલણ જો ન કરે તો તો અંતર્મુખ અવલોકન વિના એકલા બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વલણમાં પણ મોહનો નાશ-વિલય-અંત-આવી શકે નહિ. વજુભાઈ!

‘અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.’ અંતર્મુખ અવલોકતાં. એટલે આત્મવસ્તુની અંદર... જેમ ચોસઠ પહોરી તિખાશ પીપરમાં ભરી છે. ઉગ્રતા-તિખાશ ભરી છે. તો તે તિખાશ-ઉગ્રતા એની વર્તમાન અવસ્થામાં આવે છે. એમ આત્મદ્રવ્યમાં અંદર શક્તિમાં આનંદ અને શાંતિનો સાગર પોતે છે. કારણ કે જે અધર્મને ટાળીને ધર્મ જે પર્યાયમાં સ્થાનમાં પ્રગટ કરવા માગુ છું એ પ્રગટ કાંઈ બાહ્યથી આવે એવી ચીજ નથી. એ અંતરમાં સ્વભાવ ભરેલો છે એમ વસ્તુને, દ્રવ્યને, પ્રતીત કરવી પડશે. એ દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-આનંદ, એ અટકેલી અવસ્થા પલટીને નિર્મળ થાય છે તો શક્તિઓ પણ દ્રવ્યમાં છે એમ ગુણોને પ્રતીત કરવા પડશે. એની પર્યાય પલટતી છે અને પલટતા અધર્મ ટળીને ધર્મ થાય. એવો પલટતો સ્વભાવ કબુલ કરવો પડશે. અને તેના સમજાવનારા...

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

જુઓ! આ મંગલાચરણ કર્યું છે આત્મસિદ્ધિમાં પહેલું. ‘જે સ્વરૂપ સમજ્યા વિના...’ અરે..! હું આત્મા અનંત કાળથી મારા આનંદ અને શાંતિના અંતરના સ્વભાવને સમજ્યા વિના ‘પામ્યો દુઃખ અનંત.’ હું પામ્યો દુઃખ અનંત. હું સમજ્યા વિના, હોં! કોઈએ મને ભૂલ કરાવી નથી.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' હું આત્માના શાંતિ અને આનંદના અનુભવ વિના સ્વરૂપના નિજરસના આનંદની કાતળીના આશ્રય વિના. ચિદાનંદ આનંદની કાતળી વિના, ચિદાનંદ ધ્રુવ ભગવાન છે એના આશ્રય વિના 'સ્વરૂપ સમજ્યા વિના...' એ સ્વરૂપને સમજ્યા વિના. હું સમજ્યા વિના. કોઈએ મને ભૂલ કરાવી એમ છે નહિ. 'પામ્યો દુઃખ અનંત.' હું મારી પર્યાયમાં-અવસ્થામાં-દશામાં-દુઃખ એટલે અધર્મ અને અહિત પામ્યો.

'સમજાવ્યું તે પદ નમું.' એવા આત્મધર્મને સમજાવનાર સમજવાની મારી લાયકાત વખતે જે સદ્‌ગુરુ જ્ઞાની મને નિમિત્ત મળ્યા, જુઓ! નિમિત્ત અને સ્વ-પરનું જ્ઞાન એણે પ્રગટ કર્યું. જ્યારે હું સમજ્યો ત્યારે સમજાવનાર નિમિત્ત હાજર હતા. હું સમજ્યો એટલે પહેલાં સમજાવનારનો જગતમાં અભાવ હતો એમ હતું નહિ. એટલે 'સમજાવ્યું તે...' જેણે મને આ પદ સમજાવ્યું એને અને આ પદને આ બેયને. 'સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.' એવા જ્ઞાનીના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું.

જુઓ! આમાં કેટલો ધ્વનિ છે! હું અનાદિથી મારા સ્વરૂપને સમજ્યા વિના મારી દશામાં જે દુઃખ હતું, મેં દુઃખ ઉત્પન્ન કર્યું. દુઃખ એ વિકાર છે અને એ દુઃખ વિકાર ત્રિકાળ ચૈતન્યની અવિકારી અંતર શક્તિ છે, એનું એ વિરૂપ-ઊલટું રૂપ છે. એમ એણે નક્કી કરવું પડશે. એ દુઃખ કોઈ બહારથી આવેલી ચીજ નથી. દુઃખ કોઈ સંયોગથી થયેલી ચીજ નથી કે શરીરમાં ક્ષુધા લાગે, તૃષા લાગે એ દુઃખ છે એમ છે નહિ. દુઃખ એ આત્માની શાંતિ અને આનંદની એકત્વ શ્રદ્ધા ન કરતાં પરની દશા આદિમાં જે અવસ્થા થાય એમાં એકત્વ માન્યતા કરતાં અંદર દુઃખની ઉત્પત્તિ થાય છે. એ દુઃખની ઉત્પત્તિ કાંઈ સંયોગો પ્રતિકૂળ હોય, ક્ષુધા, તૃષા (લાગતાં) આહાર (ન મળે), નિર્ધનતા હોય એ કાંઈ દુઃખનું કારણ નથી. નિર્ધન તે કાંઈ દુઃખ નથી, સધન તે સુખ નથી, રોગ તે દુઃખ નથી અને નિરોગ તે સુખ નથી. કાળાપણું શરીરનું એ કાંઈ (અવ)ગુણ નથી અને રૂપાળાપણું એ ગુણ નથી. કાળાપણું કાંઈ અવગુણ નથી અને ધોળાપણું એ કાંઈ ગુણ નથી. એ બધી ચીજો ક્ષુધા લાગી એ કાંઈ અવગુણ નથી અને ખાઈને સરખાઈને બેઠો એ કાંઈ ગુણ નથી.

ચૈતન્ય પહેલો સ્વભાવ સમજ્યા વિના એ જડની અવસ્થાઓ મને થાય છે, એ મારું સ્વરૂપ છે અને હું એનાથી જુદો છું એમ ભૂલ્યો, આ એને દુઃખની લાગણી અને મિથ્યાભ્રાંતિ થાય છે. એ 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર...' એ બધો સંસરણ-સ્વભાવમાંથી ખસવું એ મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાન ને વિકારથી થાય છે. 'એ અંતર્મુખ અવલોકતાં...' એ સ્વરૂપનું ભાન થતાં... પણ કેટલી પ્રતીત કરવી જોઈએ એને? કે એક તો મારી અવસ્થા પલટે છે, અધર્મ દશા ટળી શકે છે, એના સ્થાનમાં શાંતિ આવે છે, શાંતિના સ્થાનમાં આત્મા જ્ઞાન-દર્શન-આનંદની કાતળી ધ્રુવસ્વરૂપ છે, એને કારણે પ્રગટે છે, એને સમજાવનાર દેવ-

ગુરુ-શાસ્ત્ર જગતમાં વર્તે છે. અને જે હું વિકાર કરું છું પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ એ વિકારનું નિમિત્ત પણ એક જગતમાં બીજી ચીજ છે. એ વિકાર કાંઈ મારા સ્વભાવને આશ્રયે થતો નથી. એ હું પોતે વિકાર જ્યારે કરું ત્યારે બીજી નિમિત્ત સામે ચીજ છે. એ નિમિત્ત એક કર્મ છે. (આત્માના) લક્ષણથી વિલક્ષણ બીજી ચીજ છે. અને એ ચીજ પણ જો કાયમ નિત્ય રહેતી હોય તો મારો વિકારનો પલટો થઈ શકે નહિ. ચંદુભાઈ! કહો, સમજાય છે કાંઈ?

વિકાર જે કામ, ક્રોધ, પુણ્ય, પાપના વિકાર જે અશ્રેય અધર્મ છે, એ ટળી શકે છે એમ જો હું માનું છું અને ટળવાના સ્થાનમાં શાંતિ પ્રગટી શકે છે અને શાંતિ પ્રાપ્ત સ્વરૂપને આશ્રયે થાય છે અને શાંતિના સમજાવનારા પૂર્ણ પ્રાપ્ત કરી ગયા છે, તો એના અને મારા બેયના કર્મ જે અંદર નિમિત્તરૂપે છે એ પલટવાયોગ્ય જો એ ન હોય તો વિકાર પણ પલટવાની તાકાતની યોગ્યતા આ બાજુ થઈ અને એની પલટવાની તાકાત ન હોય એમ બને નહિ. કહો, સમજાય છે?

એટલે વિકારમાં નિમિત્ત કોણ છે સામે? એ પણ પલટવા યોગ્ય ચીજ છે. અને એ વિકારમાં એક જ પરમાણુ જો નિમિત્ત હોય તો આત્માની વિકારમાં પુણ્ય-પાપ, કામ-ક્રોધના અસંખ્ય વિકારી પરિણામો થાય છે, તારતમ્ય-હિનાધિક (થાય છે). તો હિનાધિકમાં એક જ રજકણ નિમિત્ત હોય તો આટલી હિનાધિકતા હોઈ શકે નહિ. માટે વિકારના હિનાધિકના નિમિત્તમાં પણ અનંત અનંત તારતમ્ય પર્યાય-અવસ્થાવાળા પરમાણુ, પદાર્થ, જડ મારા લક્ષણથી વિલક્ષણ પદાર્થ છે. કહો, સમજાય છે? આવું કબુલ કરવું પડશે.

આમાં બે ન્યાય આપ્યા. એક તો આત્મા અધર્મ અને અસમાધિ ટાળવા માગે (છે). એને અસમાધિ તે ક્ષણિક છે અને મારો મૂળ સ્વભાવ શુદ્ધ છે એને આશ્રયે મારી શાંતિ અને ધર્મ પ્રગટે છે. અને પ્રગટાવવામાં નિમિત્ત સર્વજ્ઞ ગુરુ શાસ્ત્ર અંદર હોય છે અને જ્યારે ધર્મમાં નિમિત્ત એ છે તો મારા અધર્મમાં પણ એક કર્મ અંદર નિમિત્ત છે, છે. એનાથી અહીંયાં અધર્મ થાય છે એમ નહિ. તેમ દેવ-ગુરુ-શાસ્ત્ર છે માટે અહીં ધર્મ થાય છે એમ નહિ. પણ એક બીજી ચીજ જગતમાં છે. મગનભાઈ! બેયમાં, હોં!

મારી દશા... જેને હિત કરવું છે, એને વર્તમાન અહિત જે રાગ-દ્વેષ એનું નિમિત્ત પર કર્મ છે. અને એકરૂપ પરમાણુ નહિ પણ અનેક જાતના છે. એ અનેક વિકલ્પ પણ હું કરું છું, તો એની નિમિત્તની યોગ્યતામાં પણ સામે પણ અનેકતા છે. મારામાં મારે કારણે અને એનામાં એને કારણે. આવું કબુલ કરીને અહિત ટાળવા માગે તેને ક્ષણિક દશા છે માટે પલટી શકશે.

'વિલય થતાં નહિ વાર...' એને વિશ્વાસ આવવો જોઈએ. આ અનંત કાળથી અજ્ઞાન અને અધર્મ કર્યો. અનંત-અનંત કાળથી. તો આ ટળશે કે નહિ? કે 'વિલય થતાં નહિ વાર.'

એથી આ શબ્દ મૂક્યો છે.

ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય,
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

કરોડ વર્ષનું સ્વપ્નું હોય પણ જાગ્યો એટલે? જાગ્યો એટલે? ગયું સ્વપ્નું. હતું ખરું હોં! સ્વપ્નના કાળમાં સ્વપ્નું હતું. સ્વપ્નના કાળમાં સ્વપ્નનો અભાવ નહોતો. એ હતો તેનો અભાવ (થયો). સ્વપ્નનો અભાવ જાગૃત કાળમાં થયો. પણ જાગૃત કાળમાં કરોડ વર્ષનું સ્વપ્નું ક્ષણમાં જાય છે.

એમ અનાદિનું અજ્ઞાન, કામ, ક્રોધ, વિકાર, અધર્મ, દયા, દાન વિકલ્પની શુભાશુભ વૃત્તિઓ ઉઠે છે, એ ઉપાધિ વિકૃત એ ચૈતન્યના મૂળ સ્વભાવમાં નથી. જો મૂળ સ્વભાવમાં હોય તો સિદ્ધમાં હોવી જોઈએ. મૂળ પરમાત્મામાં પણ એ લાગણીઓ રાગની હોવી જોઈએ. એ નવી વૃત્તિઓનું ઉત્થાન કરે છે એ વિકાર છે. એ ઊપજે છે નવો પોતે કરે તો. અને ન કરે તો નહિ. એટલે એ કરોડ વર્ષનું સ્વપ્ન ક્ષણમાં ખલાસ થાય એમ 'વિલય થતાં નહિ વાર.' 'અંતર્મુખ અવલોકતાં...' આવો એને પહેલો ભરોસો આવવો જોઈએ. ભરોસો આવવો જોઈએ કે અરેરે..! પણ અનંત કાળના અજ્ઞાન, અનંત કાળથી રાગ-દ્વેષ કર્યા, એ અધર્મ કેમ ટળે? સ્વપ્ન કરોડ વર્ષનું ક્ષણમાં ટળે.

'અંતર્મુખ અવલોકતાં...' ચૈતન્ય જે મિથ્યા ભ્રાંતિને લઈને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપમાં ધર્મ માને અને પોતાની અધર્મદશા પોતામાં પોતાથી થાય, એ પરથી થાય એમ માને. હવે એ અધર્મ ટાળે કે દિ'? .. ઊંધી ભૂલને લઈને (થાય છે એમ) માને તો તો સવળાને કારણે ભૂલ ટળે, પણ પરને લઈને માને એને સવળું થવાનો પ્રસંગ રહેતો નથી. અને ધર્મમાં પણ નિમિત્ત સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. પણ એ કરાવે તો મારું કલ્યાણ થાય તોપણ એને અંતર્મુખ અવલોકવાનો પ્રસંગ રહેતો નથી. મોહનભાઈ! સાચું હશે આ?

જેમ આત્મવસ્તુમાં અહિત પલટાવવા માગે છે કે હવે મારે અહિત જોઈતું નથી. અહિત કાંઈક માને તો છે. ખબર નથી ક્યાં અહિત છે. શરીરમાં હશે? વાણીમાં હશે? બાહ્યમાં હશે? બાયડી-છોકરામાં અહિત હશે? અહિત એની પર્યાય નામ વર્તમાન દશામાં (છે). કામ-ક્રોધ, શુભાશુભ પુણ્ય-પાપની લાગણીઓ તે. એ અહિતને પલટાવવા માગે છે તો એને ભરોસો કરવો પડશે કે ક્ષણમાં પલટાવી શકું એવી મારી તાકાત છે. અનંત કાળથી થઈ માટે એમ ને એમ રહેશે એવો એનો સ્વભાવ નથી. હું એમ ને એમ રહીશ. પાણીનો કૃત્રિમ ઉષ્ણતા

સ્વભાવ તો ટળીને શીતળ રહે છે ઘણો કાળ, પણ ઉષ્ણતા કાંઈ કાયમ રહે નહિ. સ્વપ્ન કાયમ રહે નહિ. એમ વિકાર પણ આત્મામાં કાયમ ન રહે. કેમ કે વિકાર ટાળવા તો માગે છે. એનો અર્થ ઈ છે કે એ ક્ષણિક છે તેથી પલટાવવા તો માગે છે અને પલટે છે. અહીં સાંભળતા કાંઈક રાગ શુભ થાય. વળી બહાર જઈને અશુભ થાય. ત્યારે શુભ ને અશુભ એકરૂપ હોય તો તો એ શુભ અને અશુભ કાયમ એકરૂપ રહેવું જોઈએ. ઘડીક શુભ થાય વળી અશુભ થાય, વળી અશુભ ટળીને શુભ થાય. તો શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ એ આત્માની અવસ્થામાં કૃત્રિમ, ક્ષણિક અને અનિત્ય છે. ત્યારે અનિત્ય અને ક્ષણિક એ મારાથી થયેલો ઉપાધિ ભાવ છે. 'ઊપજે મોહ વિકલ્પથી...' ઊપજે કીધું. પછી?

'અંતર્મુખ અવલોકતા વિલય થતાં...' ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણે મૂકી દીધા. મગનભાઈ! ત્રણ મૂક્યા એમાં.

ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,<br>
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.

જુઓ! આ સમાધિ મૃત્યુના છેલ્લા દિવસ હતા. ચૈત્ર વદ પાંચમે સમાધિ મરણ થયું છે. અને આ શબ્દો ચૈત્ર સુદ નોમના, રાજકોટના છે. મગનભાઈ! આ રાજકોટમાં ચૈત્ર સુદ નોમે હતા તો આ શબ્દ બોલાણા હતા. ચૈત્ર વદ પાંચમે સમાધિમરણે-આત્માની શાંતિ(પૂર્વક દેહ છોડ્યો છે). આમ પુણ્ય-પાપ, વિકલ્પ એના ઉપર દૃષ્ટિ તો પહેલેથી ટળી હતી. સ્વભાવ શાંતિ આનંદકંદ છું એમ ભાન હતું. શરીરની ક્રિયા નહિ, પુણ્ય-પાપની વૃત્તિઓ ક્ષણિક વિકાર જેટલો હું નહિ. શુદ્ધ ચિદાનંદ છું. એમ પહેલું 'દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.' એ તો પહેલો બોધ થઈ ગયો હતો.

'દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે.' ઉપજશે એમ નહિ. ઉપજ્યો હતો. તેથી ઉપજ્યો કીધું છે. સમજાય છે? 'દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,...' દેહ ભિન્ન ચૈતન્યનું કેવળજ્ઞાન ચૈતન્યમૂર્તિ છું. એ વિકારમાત્ર અને શરીરમાત્ર નહિ. એવા સ્વભાવનું ભાન તો પ્રથમ હતું. પછી 'તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકીએ.' 'તેથી પ્રક્ષીણ ચારિત્ર...' સ્વરૂપનો આશ્રય કરતાં કરતાં રાગ-દ્વેષના જે પરિણામ છે તેને ક્ષીણ થતાં જોઈએ છીએ. મગનભાઈ! સમજાય છે?

તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ,<br>
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.

ચૈતન્ય તરફમાં વળતાં ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છું, એમ વિકાર ટળી શકે છે, અવિકારી ચૈતન્યનો આશ્રય લઈ શકાય છે. ક્રમે ક્રમે વસ્તુ સ્વભાવને આશ્રયે વિકારનું ક્ષીણપણું ભાસે છે. અને ભાસતા ભાસતા કાળ આવે એટલે એનો સમય આવે મૃત્યુ આત્મા આનંદ લહેરમાં ઝુલતો.. દુઃખ ક્યાં છે? વિકલ્પ શું છે? શરીર શું છે? એને ભૂલી જ્ઞાતા પોતાના સ્વભાવમાં

લીન થાય છે. એને સમાધિ મૃત્યુ અને સમાધિ મરણ કહે છે. ..ભાઈ! આનું નામ સમાધિ મૃત્યુ છે, ભાઈ! એ અનંત કાળમાં એક સેકન્ડમાત્ર પણ સમાધિ મૃત્યુ આવ્યું નથી. એ સમાધિ એટલે આમ ને આમ જડાઈ જવું એમ નહિ. ચંદુભાઈ!

આ સમાધિ મૃત્યુનો દિવસ છે આજ. શ્રીમદ્ રાજચંદ્રનો સમાધિ મૃત્યુ, સમાધિ મરણ (દિવસ છે). 'બાળ મરણાણી .. અકામ મરણાણી કેવલ ... વરાયા જે વીતરાગના જીણવયણં જીણયાણંતી.' સર્વજ્ઞે કહેલું આત્મતત્ત્વ અને પુણ્ય-પાપ આદિ અધર્મ અને સંયોગ પર અને સ્વભાવ પૂર્ણ એવું જેણે જાણ્યું નથી, એવા જીવો બાળમરણાણી બહુ.. બાળમરણે, અજ્ઞાનમરણે અનંતા વાર મર્યા. 'અકામ મરણાણી..' અકામ ઈચ્છા વિનાના બાળમરણે અનંત વાર મર્યા. 'બહુણી મરિહંતી વરાયા.' અરેરે..! જગતમાં એવા રાંકા. વરાયા શબ્દ શાસ્ત્રમાં છે. એવા આત્માને સમજનારા નહિ અને પુણ્ય-પાપ ને દેહરહિત ચિદાનંદ કોણ છે એને નહિ સમજ્યા વિનાના 'બહુણી મરીયંતી વરાયા.' વરાયા નામ રાંકા ઘણાં ગલુડિયા અને અળસિયાની જેમ કાળ થઈ જાય છે. એની કાંઈ કિંમત છે નહિ.

'...' સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ અંદર વિકલ્પ પુણ્ય-પાપ રહિત, દેહરહિત પરથી ભિન્ન ચૈતન્ય તત્ત્વ, નવ તત્ત્વમાં જુદું તત્ત્વ (જોયું છે). દયા, દાન, વ્રત, પૂજા એ પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી એ પાપતત્ત્વ છે. શરીર, વાણી, મન એ અજીવતત્ત્વ છે અને આ જીવ તે જ્ઞાનાનંદ તત્ત્વ છે. એમ જે સર્વજ્ઞ ભગવાને કહ્યું છે, એ જીવતત્ત્વને આશ્રયે પડીને જેણે પુણ્ય-પાપ આસ્રવ ને બંધ તત્ત્વનો નાશ કરવાની શ્રદ્ધાનો ઉપાય શોધ્યો નથી અને સ્વરૂપને આશ્રયે રમણતા કરીને, સ્થિરતા કરીને વીતરાગતા પ્રગટવાના રાહે-પંથે પડ્યા નથી, એવા જીવો ઘણાં ગલુડિયા અને અળસિયા જેવા જગમતાં મરે છે. ...ભાઈ! એની કાંઈ કિંમત નથી.

પણ જેણે પહેલું આવું આત્માનું ભાન કર્યું,... એમ નથી કહ્યું, આની પાસે પાંચ કરોડ હતા અને મરી ગયો માટે ભારે ભાઈ. લીલી વાડી મૂકીને મરી ગયો. ચંદુભાઈ! છોકરા પાંચ, વહુ પાંચ, છૈયા-છોકરા બધું એમ કે લીલી વાડી મૂકી ગયો એ સારું કર્યું. એવું કાંઈ છે નહિ. જેણે આત્માને લીલોછમ જેવો અંદરમાં બનાવ્યો, અનાદિની સૂકી ઝાડી, એની પર્યાયમાં સૂકી ઝાડી હતી. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા. એમાં પુણ્ય, પાપ, કામ, ક્રોધ, શરીર અવસ્થા પૂરતો માનતો. એને માન્યતા ભ્રાંતિ .. હતો, એ શુદ્ધ ચિદાનંદને આશ્રયે એ વિકારની જે વાડી હતી એનો નાશ (કરીને), બાળીને અવિકારની વાડીની અંદર પ્રજા ઉત્પન્ન કરી. ભોગીભાઈ! કહો, સમજાય છે? આત્મા અને આત્માની અંતરની (વાતું), બાપુ! એ ગુરુગમ વિના અને સત્સમાગમ વિના અનંતકાળમાં એ જણાણું નથી.

'પામે નહિ ગુરુગમ વિના એહી અનાદિ સ્થિત.' એ અંતરના માર્ગ ગુરુગમ વિના અનંતે કાળે એને હાથ આવ્યા નહિ. અને પાત્ર થાય એને ગુરુ ન મળે એમ પણ બને નહિ. એ

અનંતકાળથી શું ચીજ છે? સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ દેવાધિદેવ પરમાત્મા જે સ્વરૂપ સમજી પૂર્ણ પામીને વાણી દ્વારા જે સ્વરૂપ કહ્યું, એ વાણીનું સ્વરૂપ એક ક્ષણ પણ જે સમજે એના જન્મ-મરણનો નાશ થયા વિના રહે નહિ. એક ક્ષણ સમજે, હોં!

એક રૌઢા છાણામાં એક તણખી અગ્નિની પડે એ રૌઢા છાણાને બાળીને ભડકો કર્યે છૂટકો. એમ 'એક જ દેન ચિનગારી મહાનલ...' આવે છે ને? મહાનલ એક જ. મહાનલ એટલે કોણ? આ જ્ઞાનાનંદ, ચિદાનંદ અનંત ગુણની કાતળી ભગવાન, એની પ્રતીત અને ભાન થઈને સમ્યગ્જ્ઞાનની એક ચિનગારી ઊગી. 'એક જ દે ચીનગાર મહાનલ, એક જ દે ચીનગારી.' આ ચીનગારી ઈ, હોં! કોઈ આપવા સમર્થ છે નહિ. પણ એણે પોતાનો સ્વભાવ શું છે એ સાંભળ્યો નથી, ભરોસામાં આવ્યો નથી અને માન્યો કોઈ દિ' નથી. આત્માના સ્વભાવને સમજ્યા વિના અનંત વાર અનંતુ કર્યું પણ કાંઈ એના જન્મ-મરણ મટ્યા નહિ.

એટલે આજ અહીંયાં કહે છે કે આત્માનું જેને કલ્યાણ કરવું (છે) એણે આટલા બોલો નક્કી કરવા પડશે. અવસ્થામાં અધર્મ છે, અધર્મ બીજે નથી. અધર્મ પલટીને ધર્મ મારી દશામાં થાય છે, એ બીજા સ્થાનમાં ક્યાંય થાતો નથી. એ ધર્મ થાય મારી દશામાં, એ ધર્મ મારા આત્માના આશ્રયે અને એ ધર્મમાં સમજાવનારા સાચા સદ્ગુરુ-દેવ-શાસ્ત્ર હોય છે. તેમ મારી પાત્રતા હોય એ સમજાવવામાં નિમિત્ત પણ હોય છે. અને અધર્મ થાય છે એ મારી ઊંધી દશામાં, મારી દશામાં. અને એ અધર્મનું નિમિત્ત પણ અંદર એ કર્મની ચીજ છે કે જેને લક્ષ કરીને હું મારા સ્વભાવને ચૂકીને અધર્મ કરું છું. આટલું જ્યારે એને પ્રતીતમાં આવે, શ્રદ્ધામાં જ્યારે આવે ત્યારે સ્વભાવનો એને આદર થાય. ત્યારે સ્વભાવનો નાદ એને સમજાય. ઓહો..! જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ, દેહથી ભિન્ન મારું સ્વરૂપ છે. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન'. એનો અર્થ શું કહ્યો? શરીર નહિ, વાણી નહિ, મન નહિ, પુણ્ય-પાપ વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ વળેલો રાગ એ નહિ. ભોગીભાઈ! એમ થયું કે નહિ?

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન'. એકલો ચૈતન્ય, એકલો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા. એની વર્તમાન અવસ્થા વિકારની રુચિ છૂટી અને સ્વભાવની રુચિ થઈ, એટલો જ્ઞાતા જ છો. ભલે હવે પુણ્ય-પાપ આદિ મારી વર્તમાન અવસ્થાની નબળાઈથી થાય, પણ એ સ્વભાવના આશ્રયે એને પ્રક્ષીણ કરતો જોઉં છું-નાશ થતાં જોઉં છું. એ ટકે એવી તાકાત હવે એનામાં રહી નથી.

આમ આત્માને વસ્તુના સ્વભાવથી શ્રદ્ધી, વિકારને ક્ષણિક માની, પલટતી માની આત્માને અનંત જ્ઞાન દર્શન શક્તિવાળો જાણી, સમજાવનારા જગતમાં છે તેનું બહુમાન કરી, સ્વભાવના બહુમાનમાં વળે, એને સમાધિમરણ થાય અને અસમાધિ મરણ ટળે. કહો, ..ભાઈ! શ્રીમદ્ ઘણે ઠેકાણે પોકાર કર્યા છે. અહો..! અમને પૂર્વ સત્સમાગમ કર્યા એ યાદ આવે છે. જુઓ! મુક્ત દશા હતી, પણ અમને પૂર્વે સંતો, મહા ધર્માત્મા જ્ઞાની, એના સંગમાં રહેલા અને

જે આત્મધ્યાન કરતા એના અમને આ કાળે વિરહ પડ્યા છે. તો એના એ વિરહા વર્તમાનમાં સંભારીને સ્મરણમાં લાવતા. એ ચિદાનંદનું સ્વરૂપ, ભગવાન! એ કોઈ અચિંત્ય અને અલૌકિક છે. સાધારણ જનતા એકદમ સમજી જાય એવી તાકાત નથી. પણ એ જીવો સમજવા માગે અને આગ્રહ છોડે અને સત્ સમજવાની રાહે ચડે તો એનામાં તાકાત છે. પણ એ તાકાત કોઈ બહારથી આવી જાય અને કોઈ આપી દે એવું છે નહિ.

અનંત કાળ ગયા. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. નવમી ગ્રૈવેયક થાય છે સ્વર્ગનો. ત્યાં દરેક જીવ અનંત વાર ગયો. કારણ કે જ્યારે અજ્ઞાનપણે અનંત ભવ કર્યા તો અનંત ભવમાં કોઈવાર નીચામાં નીચા ભવ કર્યા પાપના, કોઈ વખતે ઊંચામાં ઊંચા પુણ્યના (ભાવ કર્યા). પણ એ પુણ્ય અને પાપ બે યોનિઓ ચોર્યાશીના અવતારના ધામ છે. એમાં એ ચૈતન્યનું ધામ નથી. ચૈતન્યનું ધામ તો અંતર... અહો..! આત્મા એ વિકારના ક્ષણિક પરિણામ મેં કર્યા અજ્ઞાનભાવે. એ અધર્મ. દૃષ્ટિ પલટતાં... એ અધિકાર આપણે ચાલે છે, કે વિકાર અને પુણ્ય-પાપનો કર્તા અજ્ઞાનભાવે હું અજ્ઞાની હતો. એ કર્તા-ભોક્તા બીજો કોઈ હતો નહિ. અને મેં ભોક્તા.. હવે ગાથા એ આવશે.

રાગ અને દ્વેષ, હરખ અને શોકનો નિશ્ચયથી ભોક્તા હું હતો. મેં પરચીજને ભોગવી નથી. શરીર ને વાણી ને કર્મ ને બાયડી ને છોકરા એ તો જડ છે. એ તો પર છે. એને કાંઈ આત્મા ભોગવી શકે નહિ. કારણ કે પરનો આત્મામાં અભાવ અને આત્મામાં પરનો અભાવ (છે). મારામાં પરનો અભાવ અને એનો મારામાં અભાવ. મેં મારી ભૂલ વડે રાગ-દ્વેષને કર્યા અને મારી ભૂલ વડે મેં હરખ-શોકને ભોગવ્યા. મેં પરને કર્યા નથી, પરથી મને વિકાર થયો નથી. મેં પરને ભોગવ્યા નથી અને પરથી મને ભોગવવાનો ભાવ પ્રગટ્યો નથી. કહો, સમજાય છે?

આત્મામાં આટલો જ્યારે નિર્ણય કરે ત્યારે તો હજી અજ્ઞાનભાવ કહેવાય છે. શું અજ્ઞાનભાવ? કે રાગ-દ્વેષ મેં કદાચિત્... આવ્યું હતું ને? અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે અને અજ્ઞાનભાવે વિકારનો ભોક્તા છે. સ્વભાવભાવે કર્તા-ભોક્તા નથી. જ્યાં સુધી અજ્ઞાની હતો, ભ્રાંતિ હતી, સ્વરૂપની રુચિ નહોતી, ત્યારે હું પુણ્ય-પાપ, કામ-ક્રોધ, શુભાશુભ વિકલ્પનો કર્તા થતો. પણ સ્વભાવનું ભાન થતાં એ વિકાર, જે પુણ્ય-પાપ અને કામક્રોધાદિ ક્ષણિક વિકાર દશા છે. એ મારું એટલું કાર્ય નહિ. મારું (કાર્ય) તો શુદ્ધ ચિદાનંદ સ્વભાવ તરફ વળીને શુદ્ધ આત્મા નિર્વિકલ્પ, આત્માનો સ્વભાવ નિર્વિકલ્પ શાંતભાવનો કર્તા છે. આત્માનો સ્વભાવ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્દર્શનમાં, મિથ્યાદર્શનમાં વિકારનો કર્તા છે. મિથ્યાદૃષ્ટિ ભ્રાંતિ એ પુણ્ય-પાપ આદિ વિકારનો કર્તા અને ભોક્તા છે. જ્ઞાની પોતાના સ્વરૂપનો ભોક્તા અને કર્તા છે. પરનો કર્તા-ભોક્તા તો અજ્ઞાની પણ નથી. શરીર, વાણી, મન, બાયડી, લાડવા, પૈસાનો ભોક્તા કે કર્તા એ તો અજ્ઞાની પણ નથી. અને કર્મનું કારક જે છે એ જડની અવસ્થાનો કર્તા તો અજ્ઞાની

પણ નથી. અજ્ઞાની પોતાના પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ વિકારની અવસ્થા કરે અને હરખ-શોકને ભોગવે. એ વિકારની સ્વતંત્રતા કબુલી, પર્યાય પલટતી કબુલી, નિમિત્ત કર્મને કબુલ્યું. છે બસ એટલું. એ મને કરાવે છે અને એ છે માટે મારામાં થાય છે એમ નહિ. તેમ દેવ-ગુરુ-શાસ્ત્ર છે જગતમાં, માટે ધર્મ હું પામું છું એમ પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર તો જગતમાં સદાય છે. તો તો એ છે તો બધાય ધર્મ પામવા જોઈએ.

જ્યારે હું આત્માને પોતાના સ્વભાવ સન્મુખ જોઉં છું ત્યારે ધર્મ સમજાય છે અને ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત તરીકે કહેવાય છે. એમ વિકારને, સ્વભાવ સન્મુખ જોઈને જોવું છોડીને, જ્યારે પરસન્મુખ જોઈને પુણ્ય-પાપ, કામ-ક્રોધના વિકાર કરું છું ત્યારે કર્મ જે છે તેને નિમિત્ત તરીકે કહેવાય છે. આટલો પ્રતીત અને શ્રદ્ધા ભાવ કરે પછી ગુલાંટ ખાય. ..ભાઈ! કહો, સમજાય છે? હજી ક્યાંક ગોટામાં પડતો હોય કે વિકાર કો'ક કરાવે અને ધર્મ કો'ક આવે તો થાય. જ્ઞાન મારું કો'ક આવે તો થાય. એટલે દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને જ્ઞાન થાય અને ધર્મ કર્મના અવલંબને થાય. એમ પરને લઈને થયા કરે એમ માને એને સ્વભાવ સન્મુખ શ્રદ્ધા કરવાનો પ્રસંગ રહેતો નથી.

અહો..! આવી સમજણ અનંત કાળમાં એક સેકન્ડ માત્ર પણ કરી નથી. બાકી બધું કર્યું એણે. માસ માસ ખમણના પારણા કર્યા. નવમી ગ્રૈવેયક ગયો. નવમી ગ્રૈવેયક! મહિના મહિનાના, છ છ મહિનાના અવપાસ, ચોવિહારા કડાકા, શરીરને ભૂકો-જીર્ણ બનાવ્યા. પણ સ્વરૂપ શું છે એ સાચા સત્સમાગમ વિના અને એની પાત્રતા વિના એક સેકન્ડ માત્ર પણ સમજાણું નથી. એટલે શ્રીમદ્ કહે છે. જુઓ! આ બે કડીમાં ઘણું રહસ્ય આવી ગયું છે. આપણે છેલ્લી કડી આ મૂકી છે. પછી છેલ્લામાં તો એમણે... છેલ્લો તદ્દન શબ્દ ઈ છે કે..

સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહી.
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે.

આ છેલ્લા શબ્દો છે. એના પહેલાની પહેલી કડી કીધી હતી. 'સુખધામ અનંત સુસંત ચહી...' ત્યાં પણ એ મૂક્યું છે, હોં! મારા આત્માની શાંતિ અને આનંદ જોઈતો હોય તો 'સુખધામ અનંત સુસંત ચહી...' અનંત સુખનું ધામ જે આત્મા, એને પ્રગટ કરવાની જેને ઈચ્છા હોય, સાચા સંતો સ્વરૂપને સમજેલા અને સ્વરૂપ શું છે એને સમજાવનારા, એને ચહી-... 'સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહી.' સંતોએ કહેલા માર્ગ, એ સ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ છું, તેની રુચિના વલણમાં વારંવાર રહે અને ઈચ્છા વૃત્તિનું ઉત્થાન થાય તો દેવ-ગુરુ-સંતોની ભક્તિનો ભાવ થાય. 'દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહી.'

'પ્રશાંતિ અનંત સુધામય જે...' ભગવાન આત્માની જે ધર્મધારા, ધર્મધારા. આ પુણ્ય-પાપની વિકાર ધારા એ ઝેર ધારા છે. શું છે? ચંદુભાઈ! આત્માની અંદર પર્યાયની અવસ્થામાં શુભાશુભ વિકલ્પોની લાગણી એ ઝેરધારા, દુઃખધારા અને કષ્ટધારા છે. એ સ્વભાવનું સ્વરૂપ

સમજીને જે અંતર શાંતિમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના જે ધર્મની ધારા પ્રગટી, ધર્મદશા કહો, ધર્મધારા કહો, ધર્મપર્યાય કહો, ધર્મ-અવસ્થા કહો, 'પ્રશાંતિ અનંત સુધામય જે...' સુધામય ચૈતન્યધારા. અને રાગ-દ્વેષ ..મય.. એ આવે છે. બનારસીદાસમાં આવે છે. બનારસીદાસ કહે છે કે ઓલો વિકાર જે પુણ્ય-પાપનો થાય એ મુધા. મુર્ધા નામ મુર્છાઈને દુઃખદાયક છે. અને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરવું અને સ્થિરતા કરવી ચૈતન્યની (એ) સુધામય ધારા છે.

'પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જયતે.' છેલ્લો જય કરીને એ પદ પૂરું કરી દીધું છે. પ્રણમું પદ તે. તે પરમાત્મસ્વરૂપની પ્રશાંતિ અનંત જે પામ્યા, એવા પરમાત્માના પદને હું નમસ્કાર કરીને અને એ પરમાત્મપદ વરતે જયેતે. વર-વર પ્રધાન એ જયતે. એ પ્રધાનપદનો જય થાઓ! એમ કરીને એ છેલ્લું પદ પૂરું કર્યું છે. અને પછી થોડા દિવસે મૃત્યુને સમાધિમરણે પુરું કર્યું છે. આ ચૈત્ર સુદ નોમે કર્યું હતું આ પદ. અને ઓલું ચૈત્ર વદ પાંચમે કર્યું હતું. ..ભાઈ!

ભાઈ! પણ વિચાર કરે અને મધ્યસ્થથી જોવે એને સમજાય એવું છે. શું થાય? કોઈની દશા કોઈને પરાણે સમજાવી શકાય એવી તાકાત કેવળીઓ પણ રાખતા નથી. કેવળી તીર્થંકરો અનંતા થઈ ગયા. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં વર્તે છે. ભવિષ્યમાં અનંતા ભરત આદિમાં થવાના, થાશે. કોઈની તાકાત નથી કે પરાણે કોઈને સમજાવી દે. એ જીવને સમજવાની લાયકાત થાય ત્યારે તેવા નિમિત્તો હાજર હોય છે. એ અંતરની સુધામય ધારા પ્રશાંત ચૈતન્યમૂર્તિ, એનું ભાન કરી, શાંતિ (વેદે). અને મૃત્યુ વખતે, ભાઈ! આ બધા શરીર નાંગળા બધા ઢીલા પડી જાય, અવયવો ઢીલા પડે, પેશાબ, દસ્ત બધું. હવે જો આ સાધન હોય તો એ વખતે સાધન તો કાંઈ રહેતું નથી. બહારમાં સાધન જો ધર્મનું હોય કે ઉભા થઈને દેરાસર જવાય નહિ, ઉભા થઈને અપાસરે જવાય નહિ, ઉભા થઈને કોઈ મંદિર જવાય નહિ. જો બહારમાં હોય તો ધર્મ તો ક્યાંય થવાના ટાણા રહેતા નથી.

ભગવાન! ધર્મનું ધારણ તો આત્મા અંદર છે. આ એવી જેણે પ્રથમ દૃષ્ટિ પુણ્ય-પાપ, શરીર, વાણી, મન, રહિત સાચી ઓળખાણ કરી છે, એને દેહના નાંગળા બધા ભલે ઢીલા પડી જાય. આંખ જોવે નહિ, શરીર કામ કરે નહિ. મોસંબી નાખે તો પેશાબ પાણી થઈને નીકળી જાય. થાયને છેલ્લે? વિષ્ટા થઈને નીકળી જાય. શું આ તો માટી છે. માંસ છે, હાડકા, ચામડા, એની પર્યાય પલટતા આત્મા રાખવાને સમર્થ નથી. એ પેશાબ થતાં કોથળી ઢીલી પડી, રાખવા માગે તો રહે નહિ, ફડાક નીકળી જશે. અને કબજીયાત છે તો વિષ્ટા રહે. નહિતર વિષ્ટાના જ્યાં નાંગળા ઢીલા થયા અંદર, કહે છે ને બંધકોષ ઢીલો પડ્યો, એમ કહે છે. હું ઢીલો પડ્યો એમ નથી કહેતા. એ પરમાણુના આંતરડા બંધકોષ ઢીલા પડ્યા (એટલે) વિષ્ટા સડસડાટ નીકળશે. ક્યાં કરીશ ધર્મ?

ઓળખાણ કર આત્મા અંદર ચિદાનંદ છે. વર્તમાન અધર્મની દશા ક્ષણિક પુણ્ય-પાપ,

કામ-ક્રોધ તારી ભૂલથી થાય છે. સ્વભાવનું ભાન થતાં ભૂલ રહેતી નથી. એવા સ્વભાવની ઓળખાણ કર તો ગમે તેવા પરમાણુની અવસ્થામાં પણ સ્વભાવનું સાધન (કરી શકીશ). મૃત્યુ વખતે આંખ ભલે ન જોઈ શકે, કાન ભલે ન સાંભળી શકે, જીભ ભલે ન બોલી શકે, નાક ભલે ન સુંઘી શકે, સ્પર્શ ભલે સ્પર્શી ન શકે. અરે..! મનના પરમાણુમાં પણ કદાચિત્ ઢીલાઈ ભલે થઈ જાય. અહીં જડ મન વિચારનું નિમિત્ત કહું છું. પણ ચૈતન્ય દ્રવ્યની જેણે પહેલી સત્સમાગમે પાત્રતાથી દૃષ્ટિની ઓળખાણ કરી છે અને અંદરમાં શાંતિનો આશ્રય કર્યો છે (એ) મૃત્યુ વખતે પણ શાંતિના અમૃતના ઝરણા, અમૃતના ઝરણા ઝરતા આત્માના અમૃતના અનુભવનો ઓડકાર આવતાં શરીર છૂટી જાય. આવી દશાને સમાધિમરણ અને પંડિતમરણ કહે છે.

આમ બહારથી કહે, કરો પચખાણ, ભાઈ! શું પણ કોના પચખાણ? હજી અંદર અજ્ઞાનના તો પચખાણ થયા નથી. હજી અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કોણ છે, વસ્તુ સ્વભાવ શું છે એની શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કર્યો નથી. એની શી દશા પહેલેથી જાણી નથી એને મૃત્યુ ટાણે શરણ કોણ છે? મૃત્યુ ટાણે કોઈ શરણ નથી. એ મૃત્યુ ટાણે શરીર રહ્યું નહિ, વાણી સાંભળવાને રહી નહિ, આમ આંખ વાંચવાને પુસ્તક રહ્યા નહિ, ભગવાનને જોવાને અને ગુરુના દર્શન કરવા કાંઈ સાધન રહ્યા નહિ. હવે સાધન ત્યાં કાંઈ ખરું? ..ભાઈ!

પહેલેથી જેણે આત્માનો સ્વભાવ શું છે, વિકાર ક્ષણિક શું છે, નિમિત્ત ધર્મને સમજાવનાર કોણ છે, અધર્મમાં નિમિત્ત કોણ હતા, એ બેયમાં હું કર્તા ભોક્તા હતો, બીજા કોઈ હતા નહિ. સ્વભાવનું ભાન કરીને જેણે શાંતિ પ્રગટ કરી છે, એ ધર્મ મૃત્યુ વખતે પણ આમ તાળીયું દેતો જાઈએ છીએ હવે. ક્યાં? કે પૂર્ણપદની પ્રાપ્તિ લેવા. આ કાળે પૂર્ણ પદ પ્રાપ્તિ થઈ નહિ, અમારું વીર્ય કામ કર્યું નહિ, ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો. પણ થયો નહિ. પણ વસ્તુના સ્વરૂપના ધ્યાન અને એકાગ્રતા થતાં એ અધૂરું રહ્યું એ બાકી આવતા દેહમાં એક સ્વરૂપની સ્થિરતા બાકી છે એટલે પૂરું થશે. એમાં શંકા જેવું છે નહિ.

અશેષ કર્મનો ભોગ છે, બાકી રહ્યો અવશેષ રે,
તેથી દેહધારી જાશું સ્વરૂપ સ્વદેશ રે.

ત્યાં તો જાશું, ખબર છે મને. 'જાશું સ્વરૂપ સ્વદેશ રે.' પણ જાશું ક્યાં? એ તો થાશું, કીધું. જાવું છે ક્યાં? આ ચૈતન્યના સ્વરૂપનું જે ભાન થઈ અને અધૂરું જે રહ્યું હતું, એ સ્વરૂપમાં પૂર્ણ થઈ જશું. એ કોલ કરાર કરીને જ્ઞાની દેહ છોડીને જાય છે.

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં.
ગજા વગર ને ખ્યાલ મનોરથ રૂપ જો.

.. સર્વજ્ઞ થવાનું ગજુ નથી અત્યારે, એમ. સમજાય છે? 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં.' ધ્યાન તો કર્યું છે. સ્વરૂપ રાગરહિત, પુણ્યરહિત, વિકલ્પરહિત શરીરરહિત છે.

ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો.
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો.
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો.

સર્વજ્ઞ કહે છે કે આવી દશા હોય એને પૂર્ણ કાળમાં પરમાત્મા થાય એની અમને ખાત્રી છે. પ્રભુની આજ્ઞા છે અને અમારી ખાત્રી છે. બેય એક થાય એટલે પરમાત્મદશા આવતા ભવે પૂર્ણ અમારી થવાની છે. ..ભાઈ! આ કોને પૂછવા જાવું પડતું હશે? ભગવાનને પૂછવા જાવું પડતું હશે? ગોળ ગળ્યો લાગે એટલે કો'કને પૂછવા જાવું પડે કે આ ગોળ કેવો ગળ્યો હશે? આ સાકર કેવી ગળી હશે? આ મરચા કેવા તીખા હશે? ખાય એને ખબર પડે. એમ આત્માનું શ્રદ્ધા, જ્ઞાન અને ભાન થતાં આ અધૂરું રહ્યું, કાંઈક કર્મ બાકી છે પ્રારબ્ધમાં. એટલે અમારી નબળાઈ છે અને એમાં નિમિત્ત કર્મ છે.

'અશેષ રહ્યો બાકી.' એ આવતે પૂરું કરી અને પૂર્ણ સ્વરૂપ પામશું. એમ કોલકરાર હાથતાળી દઈને ગયા. ...ભાઈ! ભગવાન! એ જીવને સમજવા, ધર્મીને ઓળખવા એ ઘણા આગ્રહ મૂકે, સત્ સમજે (ત્યારે સમજાય). અનંત કાળથી અનંતા ભવો કર્યા પણ જીવોએ જ્ઞાનીને પોતાના ભાવમાં ઓળખ્યા નહિ. પોતાના ભાવોમાં ઓળખ્યા નથી-આત્માના ભાવમાં. રાગ દ્વારા, પુણ્ય દ્વારા આ કાંઈક છે એમ મોટપ કલ્પી. પણ વાસ્તવિક વસ્તનું સ્વરૂપ જાણ્યું નથી. એટલે અહીંયા સમાધિ મરણનો દિવસ છે એટલે આપણે 'ઊપજે મોહ વિકલ્પથી...' ઉપાડીને છેલ્લે સમાધિની દૃષ્ટિ પહેલી કરી, સમાધિની સ્થિરતા થઈ અને આવતે (ભવે) અમારું પૂર્ણ થઈ જશે.

લોગસ્સમાં પણ કહે છે, સમાહિવર મુત્તમં દિંતુ. નથી આવતું એમાં? લોગસ્સમાં આવે છે. સમાહિવર.. એ સમાધિ કોણ? આ નહિ, હોં! સમાધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ પંડિત મરણ. આ એને સમાધિ કહે છે. સમાહિવર મુત્તમં દિંતુ. હે નાથ! હે આત્મા! આમ તો નિમિત્તથી કહે છે, હોં! નિમિત્ત કોણ આપી દે એવું છે? પણ બોલણી. નિર્માનપણાની બોલણી છે. આમ સ્વભાવમાં કહે છે, સમાહિવર મુત્તમં દિંતુ. અહો! આત્મા પૂર્ણ શાંતિ આનંદકંદ હવે વર એવું દાન મને આપ. એ વરદાન હવે આપ અને અંદરથી નીકળ ફાટ અંદરથી. અને પરમાત્મા શક્તિમાં પડ્યો એ પ્રગટ થા. એમ જ્ઞાનીની અંતર દ્રવ્યની માગણી છે. અંતરની ભાવના હોય એ ભાવના પૂરી થયા વિના રહે નહિ. આ એના સમાધિમરણ અને એના જ્ઞાની અને ધર્માત્મા વખાણ કરે. એના ઉજવાય. બાકી અજ્ઞાનીના અનંતવાર તો ગલુડિયા અને અળસિયા જેમ ઘણા જન્મે અને ઘણા મરે. રાજા પણ મોટા પાંચ પાંચ કરોડના તાલુકાદાર .. અને મરે. લોકો તો પાછા ઓલામાં કાઢે છે ને? રાજાઓને શું કહેવાય? માંડવીમાં ને શેઢમાં. પણ મરીને ગયો હોય નરકે. અધર્મ કર્યા હોય એટલે.

અહીં તો ધર્માત્માના શરીર જીર્ણ હોય, ગમે તે સ્થિતિ હો, સ્વરૂપનું ભાન કર્યું અને જે દેહે છૂટ્યા, સમાધિ કરી તે સમાધિથી પૂર્ણ સમાધિ થયે પરમાત્મા થવાના. આ એ અધિકાર પૂરો કર્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)